નોટીસ ઓફ ઓન/જ્યુકેશન ખેરાલુ. એજ્યુકેશન ખેરાલુ.

પત્ર.આવક.નં. ૪૯૪૨
તા - ૨૩/૭/૦૯

ક્રમાંકઃ- ઉગજ-૨૬૦૯-૪૨૫-ખ.૧
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 3 JUL 2009

પ્રતિ,
કુલસચિવશ્રી,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
પો.બો.નં.૨૧,યુનિવર્સિટી રોડ,
પાંટણ (ઉ.ગુ). પીન કોડ નં. ૩૮૪ ૨૬૫.

વિષયઃ- <u>સૈધ્ધાંતિક પૂર્વમંજુરી આપવા બાબત.</u>
ખેરાલુ તાલુકા ઉ.વિભાગ કેળવણી મંડળ ખેરાલુ સંચાલિત શ્રી એન.એસ.દેસાઇ કોલેજ ઓફ એજયુકેશન ખેરાલુને સૈધ્ધાંતિક પૂર્વમંજુરી આપવા બાબત.

શ્રીમાન,

ઉક્ત વિષય પરત્વેના આપની કચેરીના તા. ૧.૬.૨૦૦૯ ના પત્ર નં. એકે-જોડાણ-૪૦૧૩-૨૦૦૯ અન્વયે ઉકત ટ્રસ્ટને આપની યુનિવર્સિટી સંલગ્ન શ્રી એન.એસ.દેસાઇ કોલેજ ઓફ એજયુકેશન, ખેરાલુ કોલેજ તરીકેનો નવો અભ્યાસક્રમ જુન-૨૦૦૯ થી કાયમી સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવા માટે નીચેની શરતોએ આથી સૈધ્ધાંતિક પૂર્વ મંજુરી આપવામાં આવે છે.

(૧) સંસ્થાએ રજુ કરેલ સોગંદનામામાં સંસ્થા ધ્વારા કબૂલાત કર્યા મુજબ કાયમી ધોરણે સંસ્થાને કોઇ ગ્રાન્ટ મળશે નહીં. હાલ તથા ભવિષ્યમાં સંસ્થાએ કોલેજ સંપૂર્ણપણે સ્વખર્ચે ચલાવવાની રહેશે, તથા સંસ્થા ધ્વારા ગ્રાન્ટ અંગે ભવિષ્યમાં પણ કોઇ માંગણી કરવામાં આવશે નહીં.

(૨) સંસ્થા/કોલેજે યુનિવર્સિટી તેમજ રાજય સરકાર વખતોવખત નકકી કરે તે નિયમો/શરતોનું યથાયોગ્ય પાલન કરવાનું રહેશે.

(૩) યુનિવર્સિટી તરફથી શરતોના પરિપાલનનો અહેવાલ મળ્યા બાદ જ જોડાણ આપવા અંગે વિચારણા કરવામાં આવશે. કોઇ શરતી જોડાણ મંજૂર કરવામાં આવશે નહીં.

(૪) આ અભ્યાસક્રમો અંગે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પરામર્શમાં ગુણવત્તાના ધોરણે વિધાર્થીઓને પ્રવેશ આપવા અંગે યુનિવર્સીટી જે પધ્ધતિ નકકી કરે તે મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) સદરહુ અભ્યાસક્રમ શરૂ થયા બાદ કોઇ કારણસર બંધ થાય તો સ્ટાફની તથા અન્ય કોઇપણ નાણાંકીય જવાબદારી રાજય સરકાર ઉઠાવશે નહીં, પરંતુ તે અંગેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.

(૬) આ અભ્યાસક્રમ અંગે કેન્દ્ર સરકાર/રાજય સરકાર કે અન્ય સંસ્થાઓની મંજુરી લેવાની જરૂર હોય તો તે તમામ મંજુરી સંસ્થાએ મેળવી લેવાની રહેશે.

(૭) સંસ્થાએ મુકેલ રૂ.૬,૦૦,૦૦૦.૦૦(અંકે રૂપિયા છ લાખ પુરા) ની ફીકસ્ડ ડીપોઝીટ વખતોવખત પાકતી તારીખે વ્યાજ સહિત ફરીથી ૬(છ) વર્ષ માટે તે જ સ્વરૂપે તાજી(રીન્યુ) કરાવવાની રહેશે.

૭૬

(૮) નિયત કરેલ લઘુત્તમ દિવસોનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ થઇ શકશે કે કેમ? તેની ખાતરી કર્યા બાદ જે તે શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓ ફાળવવાના રહેશે.

આપનો વિશ્વાસુ,

( એ.એચ.પટેલ )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

<u>નકલ રવાના</u>

૧. માન.મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. પ્રમુખશ્રી, ખેરાલુ તાલુકા ઉ.વિ. કેળવણી મંડળ સંચાલિત શ્રી એન.એસ.દેસાઇ કોલેજ ઓફ એજયુકેશન, મુ. ખેરાલુ, જી. મહેસાણા ( આર.પી.એ.ડી દ્વારા)
૩. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૪. પસંદગી ફાઇલ